### સેવાસી-પ્રિયા સિનેમા રોડ પર તાજેતરમાં જ બનેલા રોડ પર મનસ્વી રીતે તોડફોડ

# મદ્રાસ ભવન 'ના સંચાલકોને ૨ લાખનો દંડ

### પાલિકા હવે પોતાના ખર્ચે સમારકામ કરીને મદ્રાસ ભવન પાસેથી કડક વસૂલાત કરવામાં આવશે

(પ્રતિનિધિ) વડોદરા તા.1
વડોદરા શહેરના સેવાસીથી પ્રિયા સિનેમા રોડ પર એક અત્યંત ચોંકાવનારી અને વહીવટી તંત્રને પડકાર ફેંકતી ઘટના સામે આવતા સમગ્ર પંથકમાં ભારે ખળભળાટ મચી ગયો છે. શહેરના આધુનિક વિકાસ અને ટ્રાફિકની સુવિધા સુદ્રઢ કરવાના ભાગરૂપે સરકારી તિજોરીના આશરે રૂપિયા ૫ કરોડના જંગી ખર્ચે તાજેતરમાં જ એક નવો ચમકતો રોડ તૈયાર કરવામાં આવ્યો હતો. જોકે, આ જાહેર જનતાની સુવિધા માટે બનેલા નવનિર્મિત રોડને મદ્રાસ ભવનના સંચાલકો દ્વારા કોઈપણ પ્રકારની સત્તાવાર કે અધિકૃત મંજૂરી મેળવ્યા વિના જ







ગેરકાયદેસર રીતે ખોદી નાખવામાં આવતા ભારે વિવાદ સર્જાયો છે. પ્રાપ્ત વિગતો અને સ્થાનિક સૂત્રોના જણાવ્યા અનુસાર, મદ્રાસ ભવનના સંચાલકો દ્વારા રોડ પર પાઈપલાઈન નાખવાના બહાને આ આખું ખોદકામ આચરવામાં આવ્યું હતું. સરકારી નિયમો અને કાયદાકીય પ્રક્રિયાઓને નેવે મૂકીને કરોડો રૂપિયાના લોકઉપયોગી ખર્ચે બનેલા આ નવા રોડ પર જે રીતે તોડફોડ અને ખોદકામનું કામ કરવામાં આવ્યું, તેનાથી આ નવનિર્મિત રોડને ખૂબ જ મોટા પાયે ભારે નુકસાન પહોંચ્યું છે. જે મુદ્દે પાલિકા તંત્રે રૂ.૨ લાખનો દંડ ફટકાર્યો છે. આ ઘટનાને પગલે આસપાસના વિસ્તારના સ્થાનિક રહીશોમાં વહીવટી તંત્ર અને કાયદો હાથમાં લેનારા તત્વો સામે ભારે આક્રોશ અને લોકરોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક નાગરિકોએ આ સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડનારા બેજવાબદાર સંચાલકો સામે અત્યંત કડક અને દાખલારૂપ કાનૂની કાર્યવાહી કરવાની માંગણી તંત્ર સમક્ષ બુલંદ કરી છે.

જનતાના પરસેવાના અને સરકારી તિજોરીના નાણાંથી બનેલા વિકાસકાર્યોને આ પ્રકારે કોઈપણ સરકારી મંજૂરી વગર અને મનસ્વી રીતે તોડી પાડવાની આ ઘટનાએ પાલિકા તંત્રની સિક્યોરિટી અને દેખરેખની કામગીરી પર પણ અનેક ગંભીર સવાલો ઊભા કરી દીધા છે. બીજી તરફ, આ સમગ્ર ગંભીર મામલો પ્રકાશમાં આવતા જ વડોદરા મહાનગરપાલિકા હરકતમાં આવી છે અને આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લીધી છે. ગેરકાયદેસર ખોદકામ કરવા બદલ મદ્રાસ ભવનના જવાબદાર સંચાલકોને વહીવટી તંત્ર દ્વારા કડક નોટિસ ફટકારવામાં આવી છે.

### મિની વાવાઝોડામાં પાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના ધજાગરા

# લાખોના ખર્ચે બનેલી ખાસવાડી સ્મશાનની ચીમની પત્તાના મહેલની જેમ ધરાશાયી

**કારેલીબાગના** વ્યસ્ત 'મહાવીર એસ્ટેટ' પર ખાબક્યો લોખંડનો ભારેખમ થાંભલો, રવિવારની રજા હોવાથી મોટી જાનહાનિ ટળી



(પ્રતિનિધિ) વડોદરા, તા.1
વડોદરા શહેરમાં આવેલા તીવ્ર પવન અને મિની વાવાઝોડા જેવા માહોલે વડોદરા મહાનગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરી અને ભ્રષ્ટાચારમુક્ત બાંધકામના દાવાઓની પોલ ખોલી નાખી છે. શહેરના કારેલીબાગ વિસ્તારમાં આવેલા ઐતિહાસિક ખાસવાડી સ્મશાનગૃહમાં તાજેતરમાં જ લાખો રૂપિયાના અંધાધૂંધ ખર્ચે ઊભી કરવામાં આવેલી નવીનતમ ચીમનીનો મસમોટો લોખંડનો થાંભલો પત્તાના મહેલની જેમ ધરાશાયી થઈ ગયો છે. આ ચીમની સ્મશાનની દીવાલ કુદાવીને બાજુમાં આવેલા ધમધમતા કોમર્શિયલ એસ્ટેટમાં પડતાં એક મોટી દુર્ઘટના સદનસીબે ટળી છે, પરંતુ પાલિકાના શાસકો અને એન્જિનિયરોની ઘોર બેદરકારી સપાટી પર આવી ગઈ છે. પ્રાપ્ત વિગતો અનુસાર, ખાસવાડી સ્મશાનગૃહની પાછળના ભાગે કારેલીબાગનું પ્રખ્યાત 'મહાવીર એસ્ટેટ' આવેલું છે. આ એસ્ટેટમાં અસંખ્ય ઈન્ડસ્ટ્રીયલ ઓફિસો, વ્યાપારી એકમો અને ગોડાઉનો આવેલા છે જ્યાં રોજ સેંકડો લોકોની અવરજવર હોય છે. શનિવારે રાત્રે ફૂંકાયેલા જોરદાર પવનના કારણે સ્મશાનની આ નવનિર્મિત ચીમનીનો પાયો હલી ગયો હતો અને ભારેખમ થાંભલો ઉખડીને સીધો મહાવીર એસ્ટેટના કમ્પાઉન્ડમાં પડ્યો હતો.

### શું હવે વડોદરાના પૂર્વ વિસ્તારમાં વર્ષો જૂની પાણીની સમસ્યા ઉકેલાશે

# પાણી પ્રશ્ન ઉકેલવા રૂ.૪૨ લાખના ખર્ચે વિકાસ કાર્યોનો પ્રારંભ કરાયો

મેમણ કોલોની અને ધનાની પાર્ક સહિતના વિસ્તારોના હજારો રહીશોને મળશે પૂરતા પ્રેશરથી શુદ્ધ પાણી

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
વડોદરા શહેરના પૂર્વ વિસ્તારમાં આવેલા મેમણ કોલોની, ધનાની પાર્ક સહિતના આસપાસના વિસ્તારોના રહીશો માટે લાંબા સમયના અંતરાલ બાદ હવે રાહતના સમાચાર સામે આવ્યા છે. આ વિસ્તારોમાં છેલ્લા ઘણા વર્ષોથી પીવાના પાણીની જે વિકટ સમસ્યા સર્જાઈ રહી હતી, તેનું હવે નિરાકરણ આવશે તેમ દેખાઈ રહ્યું છે. 'સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના' અંતર્ગત ખાસ ગ્રાન્ટ મંજૂર થતાં જ આજે 42 લાખના ખર્ચે પાણી પુરવઠાના વિકાસકાર્યોનું વિધિવત ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. આજે વિસ્તારના અગ્રણીઓ અને સ્થાનિક રહીશોની ઉપસ્થિતિમાં 42 લાખના ખર્ચે પાણી પુરવઠાના વિવિધ કામોનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો હતો.

આ નવીન પ્રોજેક્ટ અંતર્ગત નવી લાઈનો અને આધુનિક સિસ્ટમ કાર્યરત કરાશે, જેનાથી આગામી દિવસોમાં હજારો લોકોને પીવાનું શુદ્ધ પાણી પૂરતા પ્રેશરથી મળી રહેશે. આ જાહેરાતથી સ્થાનિક લોકોમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે. સાથે આ વિસ્તારમાં આવેલી વરસાદી કાંસના કારણે ભારે ગંદકી ફેલાય છે અને અસહ્ય વાસ મારે છે, જેનાથી સ્થાનિક નાગરિકોનું આરોગ્ય જોખમાયું છે.

આ વરસાદી કાંસની સમસ્યાનો કાયમી ઉકેલ લાવવા માટે અંદાજે 3 થી 4 કરોડના ખર્ચે નવું કામ મંજૂર થાય તે દિશામાં વહીવટી સ્તરે સક્રિય પ્રયત્નો ચાલી રહ્યા છે. આ કામ મંજૂર થતાં જ ભવિષ્યમાં વિસ્તારના લોકોને ગંદકી, મચ્છરોનો ઉપદ્રવ અને દુર્ગંધની સમસ્યામાંથી કાયમી મુક્તિ અપાવી શકાશે.

### પાદરામાં ફેસબુક પર લોનની લાલચ ભારે પડી

# પાદરામાં ખેડૂત પાસેથી રૂ.૪.૨૦ લાખની સાયબર છેતરપીંડી

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
પાદરા નગરના પધરાઈ ચોક વિસ્તારમાં રહેતા એક ખેડૂતને ફેસબુક મારફતે ઓનલાઈન લોન આપવાની લાલચ આપી રૂ. 4.20 લાખની છેતરપીંડી કરવામાં આવતા પાદરા પોલીસ મથકે અજાણ્યા શખ્સ સામે ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસ ફરિયાદ મુજબ પધરાઈ ચોક, રણવાવાળું ફળિયું ખાતે રહેતા દિનેશભાઈ ડાહ્યાભાઈ પટેલ (ઉ.વ. 62)ને અજાણ્યા શખ્સે ફેસબુક એપ્લિકેશન મારફતે લોન અપાવવાની ઓફર કરી હતી. શખ્સે ફરિયાદીને વિશ્વાસમાં લઈ વિવિધ બેંક ખાતાઓમાં રકમ જમા કરાવવા જણાવ્યું હતું. ફરિયાદીના જણાવ્યા મુજબ દિનેશભાઈ તથા પત્ની સુસ્મિતાબેનના બેંકના ખાતામાંથી અલગ-અલગ બેંક ખાતાઓમાં કુલ રૂ. 4,20,000 ટ્રાન્સફર કરાવવામાં આવ્યા હતા. જોકે રકમ જમા કરાવ્યા બાદ પણ લોન મંજૂર કરવામાં આવી નહોતી અને ફરિયાદી સાથે છેતરપીંડી થઈ હોવાનું સામે આવ્યું હતું. બનાવ બાદ ફરિયાદીએ સાયબર હેલ્પલાઈન 1930 પર ફરિયાદ નોંધાવી હતી, જેના આધારે આશરે રૂ.10,500ની રકમ હોલ્ડ કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. વધુ રકમ હોલ્ડ થવાની રાહ જોવામાં આવી હતી, પરંતુ તે શક્ય ન બનતા આખરે પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. આ મામલે પાદરા પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ મુજબ અજાણ્યા આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે લોકોને સોશિયલ મીડિયા પર મળતી લોન, રોકાણ કે ઈનામની લાલચ આપતી ઓફરોથી સાવચેત રહેવા અપીલ કરી છે.

### પૃથ્વી પેન્થર્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો

# બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2માં એલેમ્બિક વોરિયર્સનો વિજયી પ્રારંભ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
બરોડા ક્રિકેટ એસોસિએશન (BCA) સ્ટેડિયમ, કોટાંબી ખાતે બરોડા પ્રીમિયર લીગ (BPL) સીઝન-2ની પ્રથમ મેચ આજે બપોરે 2:30 વાગ્યે એલેમ્બિક વોરિયર્સ અને પૃથ્વી પેન્થર્સ વચ્ચે ઉત્સાહભેર રમાઈ હતી. પૃથ્વી પેન્થર્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. મેચની શરૂઆત રાષ્ટ્રગાન સાથે કરવામાં આવી હતી, જ્યારે કેન્યા ક્રિકેટના પ્રમુખ શ્રી ભાવેશ ગોહિલની વિશેષ ઉપસ્થિતિએ કાર્યક્રમની શોભામાં વધારો કર્યો હતો.મેચ દરમિયાન ખેલાડીઓના શાનદાર પ્રદર્શન સાથે દર્શકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. પ્રથમ બેટિંગ કરતા એલેમ્બિક વોરિયર્સે 20 ઓવરમાં 5 વિકેટે 168 રનનો મજબૂત સ્કોર ઉભો કર્યો હતો. ટીમ તરફથી કેપ્ટન નિનાદ રાઠવાએ જબરદસ્ત ઈનિંગ્સ રમી 28 બોલમાં અણનમ 56 રન ફટકાર્યા હતા, જેમાં 2 ચોગ્ગા અને 6 છગ્ગાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત આયુષ રાજગોરે 27 અને અનંત ભારદ્વાજે 25 રનનું યોગદાન આપ્યું હતું. 169 રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી પૃથ્વી પેન્થર્સની




ટીમ 20 ઓવરમાં 8 વિકેટે 149 રન જ બનાવી શકી હતી. ટીમ તરફથી પ્રેયાંશ મોવલિયાએ 41 બોલમાં અણનમ 50 રન બનાવી લડાયક ઈનિંગ્સ રમી હતી, જ્યારે નારાયણ કાવડિયાએ 28 અને નિત્ય પંડ્યાએ 22 રન નોંધાવ્યા હતા. એલેમ્બિક વોરિયર્સ તરફથી સફવાન પટેલે જબરદસ્ત બોલિંગ કરતાં 4 ઓવરમાં માત્ર 25 રન આપી 5 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી હતી. તેમના આ સર્વાંગી પ્રદર્શન બદલ તેમને 'મેન ઓફ ધ મેચ', 'બેસ્ટ બોલર' તેમજ 'ગ્રીન ડોટ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યા હતા. જ્યારે નિનાદ રાઠવાને તેમની અણનમ 56 રનની ઈનિંગ્સ બદલ 'બેસ્ટ સ્ટ્રાઈકર' એવોર્ડ મળ્યો હતો.

### નવી માર્કશીટમાં ડોટ મેટ્રિક્સને બદલે કલરફુલ લેઝર પ્રિન્ટ, ડુપ્લિકેટ માર્કશીટના દૂષણ પર લાગશે રોક

# ધો.૧૦-૧૨ની માર્કશીટમાં QR કોડ અને લેઝર પ્રિન્ટિંગ, વેરિફિકેશન માટે હવે ધક્કા નહીં

વડોદરા શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ-સંકલન સમિતિએ નિર્ણય આવકાર્યો

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આ વર્ષે ધોરણ 10 અને 12ના વિદ્યાર્થીઓ માટે નૂતન પહેલ અંતર્ગત અદ્યતન માર્કશીટ જાહેર કરવામાં આવી છે. વડોદરા શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ-સંકલન સમિતિએ પ્રેસનોટ જાહેર કરી આ હિતકારી અને દીર્ઘદ્રષ્ટિવાળા નિર્ણયને બિરદાવી શિક્ષણ જગત વતી બોર્ડનો આભાર માન્યો છે. નવી માર્કશીટમાં જૂના ડોટ મેટ્રિક્સ પ્રિન્ટિંગના બદલે કલરફુલ લેઝર પ્રિન્ટરનો ઉપયોગ કરવામાં



આવ્યો છે, જેથી માર્કશીટ વધુ આકર્ષક અને ટકાઉ બનશે. આ સૌથી મહત્વનો બદલાવ છે. દરેક માર્કશીટ પર એક યુનિક ક્યુઆર કોડ પ્રિન્ટ કરવામાં આવશે.

સંઘ-સંકલન સમિતિના જણાવ્યા મુજબ આ ડિજિટલ સુવિધાને કારણે આગળના અભ્યાસ કે નોકરી વખતે માર્કશીટ વેરિફિકેશન કરવા માટે વિદ્યાર્થીઓને ગાંધીનગર સુધી ધક્કા ખાવા નહીં પડે અને વેરિફિકેશન ફી માંથી પણ મુક્તિ મળશે.

નોકરીદાતા કે સંસ્થાઓ સીધો જ ક્યુઆર કોડ સ્કેન કરીને માર્કશીટની ખરાઈ કરી શકશે, જેનાથી ડુપ્લિકેટ માર્કશીટ બનાવવાના દૂષણ પર પણ રોક લાગશે. વિદ્યાર્થીઓ પણ પોતાના મોબાઈલથી ગમે ત્યારે આ કોડ સ્કેન કરીને પોતાની માર્કશીટ જોઈ શકશે. વડોદરા શહેર જિલ્લા શૈક્ષણિક સંઘ-સંકલન સમિતિના અધ્યક્ષ આર.સી. પટેલ, પ્રમુખ અશ્વિનસિંહ ગોહિલ અને અંકિત શાહ સહિતના તમામ હોદ્દેદારઓએ આ નવીનતાને સમય સાથેનું હકારાત્મક પરિવર્તન ગણાવી બોર્ડને અભિનંદન પાઠવ્યા છે.

### વિઝન કોન્ફરન્સ ૪.૦નો પ્રારંભ

# પ્રમુખ એકેડમી પ્રાયોજિત ચતુર્દિવસિય નિવાસી નેતૃત્વ પરિષદનો શુભારંભ

વિવિધ સત્રોમાં નેતૃત્વ, દ્રષ્ટિ નિર્માણ, વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્રસેવા જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
બી એ પી એસ સંચાલિત અટલાદરા વડોદરા સ્થિત પ્રમુખ એકેડેમી દ્વારા આયોજિત પ્રમુખ વિઝન કોન્ફરન્સ ૪.૦ નો પ્રારંભ ગઈકાલે પારુલ યુનિવર્સિટી ખાતે ભવ્ય ડ્રોન અનાવરણ સાથે થયો હતો. કોન્ફરન્સના લોગોના આ અનોખા ડ્રોન લોન્ચિંગે ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને મહાનુભાવોમાં વિશેષ ઉત્સાહનું વાતાવરણ સર્જ્યું હતું. કાર્યક્રમ દરમિયાન અટલાદરા મંદિર ના કોઠારી પૂજ્ય ભાગ્યસેતુ સ્વામી તથા એકેડેમી ના સંચાલક સંત પૂજ્ય જ્ઞાનવિજય સ્વામીના આશીર્વચન અને પવન




દ્વિવેદીજીના (ડેપ્યુટી રજિસ્ટાર, પારુલ યુનિવર્સિટી) માર્ગદર્શનનો લાભ વિદ્યાર્થીઓને મળ્યો હતો. તેમણે યુવાનોને મૂલ્યનિષ્ઠ જીવન, નેતૃત્વ વિકાસ અને રાષ્ટ્રનિર્માણ માટે પ્રેરિત કર્યા હતા. પરિષદ ના પ્રથમ દિવસે વિદ્યાર્થીઓએ ઈતિહાસ વિષયના સોનિલ સર તેમજ પ્રમુખ એકેડેમીના મેન્ટર પ્રિમાંશુ ભારદ્વાજ સર, રૂપમ સર, દિવસ સર, સંદીપ સર, ગંગેશ સર અને કૃતાર્થ સર સહિતના નિષ્ણાત વક્તાઓના પ્રેરણાદાયી સત્રોમાં ભાગ લીધો હતો. વિવિધ સત્રોમાં નેતૃત્વ, દ્રષ્ટિ નિર્માણ, વ્યક્તિત્વ વિકાસ અને રાષ્ટ્રસેવા જેવા વિષયો પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

### વ્રજરાજકુમાર મહારાજશ્રીએ 125 વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા અર્પણ કરી

# પુરુષોત્તમ માસમાં વ્રજધામ ખાતે ભવ્ય 'આમ્રકુંજ મનોરથ' યોજાયો

હજારો કેરીઓના ભોગ અને દિવ્ય દર્શનનો વૈષ્ણવોએ લાભ લીધો

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
પવિત્ર પુરુષોત્તમ માસ (અધિક માસ) નિમિત્તે માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે વ્રજરાજકુમાર મહારાજના મનોરથ સ્વરૂપે વિવિધ ધાર્મિક અને પુષ્ટિમાર્ગીય કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

આ અંતર્ગત તા. 31 મે, રવિવારના રોજ સવારે પૂજ્યશ્રીના હસ્તે 125 વૈષ્ણવોને બ્રહ્મસંબંધ દીક્ષા અર્પણ કરવામાં આવી હતી. હિંદુ ધર્મમાં પુરુષોત્તમ માસને વિશેષ પવિત્ર અને પુણ્યદાયી માનવામાં આવે છે. દર ત્રણ વર્ષે આવતો આ માસ ભક્તિ, ઉપાસના અને ધાર્મિક અનુષ્ઠાનો માટે વિશેષ મહત્વ ધરાવે છે. વ્રજધામ આધ્યાત્મિક સંકુલના સર્વાધ્યક્ષ વૈષ્ણવાચાર્ય વ્રજરાજકુમારના માર્ગદર્શન હેઠળ પુષ્ટિમાર્ગીય હવેલી



**વ્રજધામ ખાતે 125 વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી**

માંજલપુર સ્થિત વ્રજધામ આધ્યાત્મિક સંકુલ ખાતે તા. 31 મે, રવિવારના રોજ પૂ.પા.ગો. 108 શ્રી વ્રજરાજકુમારના પાવન સાનિધ્યમાં 125 વૈષ્ણવોએ બ્રહ્મસંબંધ દીક્ષા ગ્રહણ કરી હતી. આ પ્રસંગે દીક્ષાર્થી વૈષ્ણવોએ ના આશીર્વાદ તથા મંગલ વચનામૃતનો લાભ પ્રાપ્ત કર્યો હતો. કાર્યક્રમ દરમિયાન દર રવિવારે યોજાતા સન્ડે સત્સંગમાં મોટી સંખ્યામાં વૈષ્ણવો જોડાયા હતા. ઉપરાંત શ્રી ગિરિરાજજીની દિવ્ય પરિક્રમા, શ્રી ઠાકોરજીના દર્શન તેમજ વૈષ્ણવ ભોજન પ્રસાદીનો પણ ભક્તોએ ભાવપૂર્વક લાભ લીધો હતો. પુષ્ટિમાર્ગીય પરંપરા અનુસાર બ્રહ્મસંબંધ એ જીવ અને શ્રી ઠાકોરજી વચ્ચેનો દિવ્ય સંબંધ સ્થાપિત કરતો 84 અક્ષરોનો ગદ્ય મંત્ર માનવામાં આવે છે.

પરંપરા અનુસાર સમગ્ર અધિક માસ દરમિયાન શ્રી ઠાકોરજીના વિવિધ મનોરથો યોજાઈ રહ્યા છે. આ વર્ષે અધિક માસ ઉષ્ણકાલ દરમિયાન આવતાં શ્રીપ્રભુને શીતળતા અર્પણ કરવાના ભાવથી જળ, ફૂલો અને ઋતુપ્રસંગિક ફળોના મનોરથોનું આયોજન કરવામાં આવ્યું છે.

### તંત્રની નિષ્ફળતા સામે ગ્રામજનોનો મોરચો

# ચાપડ-બિલ સીમમાં કાંસમાં પારો મારી ડ્રેનેજનું ગંદુ પાણી રોક્યું

**વર્ષોથી** રજૂઆત છતાં વુડા અને વીએમસીના પેટનું પાણી ન હલ્યું, સરપંચ ધર્મેશ ઠાકોરે ગ્રામસભાના ઠરાવથી બંધ કરાવ્યો ગટરનો પ્રવાહ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
વડોદરા મહાનગર પાલિકાની હદમાં સમાવિષ્ટ વિસ્તારોમાંથી આવતા ડ્રેનેજના ગંદા પાણીને રોકવામાં તંત્ર નિષ્ફળ જતાં આખરે ગ્રામજનોએ જ મોરચો સંભાળ્યો છે. ચાપડ અને બિલ ગામની બોર્ડર પરથી પસાર થતા વરસાદી કાંસમાં આખું વર્ષ પાલિકાની ગટરો અને કંપનીઓનું દૂષિત પાણી



ઠલવાતા સ્થાનિકોમાં ભારે રોષ ફેલાયો છે. સરપંચ ધર્મેશભાઈ ઠાકોરે જણાવ્યું હતું કે, અમારા ગામની અંદર જે ગંદુ પાણી આવી રહ્યું છે તે ચાપડ અને બેલ ગામની બોર્ડર છે. અહીંયા અમે હવે પારો બંધાવી રહ્યા છીએ. અગાઉ ઘણી વખત અમે ભોળા વોર્ડ ઓફિસમાં રજૂઆત કરી છે, પણ કોઈ રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવી નથી. સરપંચે આક્ષેપ કર્યો કે વરસાદી પાણીના નિકાલ માટેનો કાંસ આખું વરસ પાલિકાની ગટરો અને કંપનીઓનું કેમિકલયુક્ત પાણી વહન કરતો કાંસ બની ગયો છે. આ પાણી અમારા ગામની અંદર આવી રહ્યા છે, જેના કારણે અમારા ગામમાં મચ્છર-માખીઓનો ઉપદ્રવ વધ્યો છે. વરસાદી માહોલ વચ્ચે તો મગરનો પણ ત્રાસ જોવા મળ્યો છે. જો તાત્કાલિક પગલાં નહીં લેવાય તો રોગચાળો ફાટી નીકળે તેવી પરિસ્થિતિનું નિર્માણ થાય તેવી સંભાવના છે. ધર્મેશભાઈ ઠાકોરે ઉમેર્યું કે, છેલ્લા ત્રણ વર્ષથી આ મામલે અમે સતત રજૂઆત કરીએ છીએ, પણ અત્યાર સુધી એક પણ અધિકારી દ્વારા આ સ્થળની કોઈ સમીક્ષા કે નિરીક્ષણ કરવામાં આવ્યું નથી. પાલિકા અને ભોળાનાં પેટનું પાણી પણ હલતું નથી.

### રોજિંદો વીજ વપરાશ જાણી ગ્રાહકો કરી રહ્યા છે વીજળી બચાવવાનું આયોજન

# MGVCL Smart Meter' એપમાં 1.50 લાખથી વધુ વપરાશકર્તાઓ જોડાયા

**બિલ પેમેન્ટથી** લઈને ફરિયાદ નોંધાવવા સુધીની સુવિધા એક જ એપમાં ઉપલબ્ધ

(પ્રતિનિધિ) વડોદરા, તા.1
મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ (એમજીવીસીએલ) વિસ્તારમાં 1.50 લાખથી વધુ ગ્રાહકો હાલમાં 'MGVCL Smart Meter' મોબાઈલ એપનો ઉપયોગ કરી રહ્યા છે. આ એપ દ્વારા ગ્રાહકો પોતાના રોજિંદા વીજ વપરાશની માહિતી મેળવી રહ્યા છે તેમજ વપરાશનું નિરીક્ષણ કરીને વીજળી બચાવવાનો પ્રયાસ પણ કરી રહ્યા છે. એપની મદદથી ગ્રાહકો રિયલ-ટાઈમ વીજ વપરાશ જોઈ શકે છે. ઉપરાંત ઓનલાઈન બિલ ભરવાની, ફરિયાદ નોંધાવવાની અને ફરિયાદની સ્થિતિ તપાસવાની સુવિધા પણ ઉપલબ્ધ છે. સોલાર ગ્રાહકો માટે આયાત-નિકાસ (ઈમ્પોર્ટ-એક્સપોર્ટ) યુનિટની માહિતી પણ એપમાં ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

**સ્માર્ટ મીટરથી ગ્રાહકોને મળતા લાભ**

- મોબાઇલ એપ દ્વારા રોજિંદો વીજ વપરાશ જાણી શકાશે
- વપરાશની પેટર્નના આધારે વીજળીનો વપરાશ નિયંત્રિત કરી શકાશે.
- ઓનલાઇન બિલ ભરવાની અને ફરિયાદ નોંધાવવાની સરળ સુવિધા.
- દૈનિક વપરાશનું નિરીક્ષણ કરી વીજળી બચતનું આયોજન શક્ય.
- વીજ પુરવઠા સંબંધિત સૂચનાઓ અને અનિયમિત વપરાશ અંગે માહિતી ઉપલબ્ધ.
- વીજ વપરાશ અને બિલિંગ અંગે આધુનિક ડિજિટલ સેવા પ્રાપ્ત થશે.
- ખોટા બિલની શક્યતા ઘટશે. ફરિયાદ નોંધાવવાની અને તેનું અનુસરણ કરવાની સરળ વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે.


Repco Home Finance

**રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ**

**વડોદરા શાખા :** ૨૦૬, પહેલો માળ, અર્થ કોમ્પ્લેક્ષ, મલ્હાર પોઈન્ટની પાસે, જુનો પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૦૨.

**પઝેશન નોટીસ** (સ્થાવર મિલકત માટે)

આથી, **રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ** ના નીચે સહી કરનાર અધિકૃત અધિકારીએ સિક્યોરિટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યોરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ તથા કલમ ૧૩(૧૨) હેઠળ મળેલી સત્તા સાથે સિક્યોરીટી ઈન્ટરેસ્ટ (એન્ફોર્સમેન્ટ) નિયમો, ૨૦૦૨ તથા નિયમ ૯ અંતર્ગત તા. **૨૬.૦૨.૨૦૨૬** ના રોજ ઉધારકર્તા **શ્રી મહેતા બિરજુપ્રસાદ કરીપ્રસાદ S/o શ્રી કરીપ્રસાદ મહેતા,** નં. ૧૮૦, નિજાનંદ સોસાયટી - ૨, વડસલ ઈટોલા, વડોદરા - ૩૯૧૨૪૦ **અને અહી પણ :** રાજપુરોહિત પ્રા. લિ., નેશનલ હાઈવે નં. ૦૮, વડસલ, વડોદરા - ૩૯૧૨૪૦, **સહ-ઉધારકર્તા : શ્રીમતી ડોલી કુમારી W/o બિરજુ મહતો,** નં. ૧૮૦, નિજાનંદ સોસાયટી - ૨, વડસલ ઈટોલા, વડોદરા - ૩૯૧૨૪૦ **અને અહી પણ :** પ્લોટ નં. ૪૮, નિઝાનંત સોસાયટી, રેલ્વે ક્રોસીંગની પાસે, વડસલ - ૩૯૧૨૪૦ ને માંગણા નોટીસ જારી કરીને નોટીસમાં જણાવેલ લોન એકાઉન્ટ નં. ૧૮૨૧૮૭૦૦૦૦૭૫૬ ની તારીખથી ૬૦ દિવસોની અંદર બાકી રકમ **રૂા. ૨,૩૨,૮૫૪/-** તા. ૦૯.૦૨.૨૦૨૬ ના રોજ થી ચડત વ્યાજ, અન્ય કોસ્ટ સાથે સહિત ભરવા જણાવેલ હતું.

ઉધારકર્તા અને સહ-ઉધારકર્તા ઉપરોક્ત રકમ ચુકવવામાં કસુરવાર થતાં આથી ઉધારકર્તા, સહ-ઉધારકર્તા અને જાહેર જનતાને નોટીસ આપવામાં આવે છે કે અધિનિયમ ૧૩ની પેટા કલમ (૪) હેઠળ રૂલ ૯ સાથે મળેલી સત્તાની રૂએ અધિકૃત અધિકારીએ **તા. ૨૯.૦૫.૨૦૨૬** ના રોજ નીચે જણાવેલ મિલકતનો કબજો લઈ લીધેલ છે.

ઉધારકર્તા અને સહ-ઉધારકર્તાને વિશેષ રૂપથી તથા જાહેર જનતાને આથી સદરહુ મિલકત અંગે કોઈપણ જાતનો વ્યવહાર ન કરવાની ચેતવણી આપવામાં આવે છે. સદરહુ સ્થાયી મિલકત અંગે કરેલો કોઈપણ વ્યવહાર **રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા શાખાની લોન એકાઉન્ટ નં. ૧૮૨૧૮૭૦૦૦૦૭૫૬** ની રકમ **રૂા. ૨,૫૬,૧૨૧/-**, તા. ૧૧.૦૫.૨૦૨૬ ના રોજ થી અન્ય કોસ્ટ સાથેના બોજાને આધીન રહેશે.

**"સરફેસી કાયદાની કલમ ૧૩ની પેટા કલમ ૮ ની જોગવાઈ પ્રત્યે ઉધારકર્તાઓનું મુકરર મિલકત છોડાવવા માટે મળવા પાત્ર સમય બાબતે ધ્યાન દોરવામાં આવે છે." સુરક્ષિત લેણદાર દ્વારા કરવામાં આવતા તમામ ખર્ચ, ચાર્જ અને ખર્ચાઓ સાથે, સુરક્ષિત મિલકતના વેચાણ અથવા ટ્રાન્સફર માટે નિર્ધારીત તારીખ પહેલાં કોઈપણ સમયે તમામ દ્વારા રજુ કરવામાં આવશે.**

**મિલકતનું વર્ણન**

તમામ ભાગ અને હિસ્સા સાથે બીન ખેતીલાયક પ્લોટની જમીન, મોજે - વડસલ, વડોદરા, જમીનનો આર.એસ. નં. ૩૬૧, "નિજાનંદ કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમીટેડ, વિભાગ - ૨" પૈકી થી જાણીતી સ્કીમ, હાઉસ નં. ૪૮, પ્લોટનું ક્ષેત્રફળ ૨૩.૧૯ સ્કે.મી., ૭ બાંધકામ ક્ષેત્રફળ ૨૩.૧૯ સ્કે.મી., ગ્રામ પંચાયત હાઉસ નં. ૫૨૭, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - વડોદરા, જીલ્લો - વડોદરા. **ચતુઃસીમા : ● પૂર્વે** : બ્લોક નં. ૪૭, **● પશ્ચિમે** : બ્લોક નં. ૪૯, **● ઉત્તરે** : બ્લોક નં. ૯૬, **● દક્ષિણે** : ૯ મી. રોડ.

**તારીખ : ૨૯.૦૫.૨૦૨૬** **અધિકૃત અધિકારી, રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ**